## પિકનિક પોઈન્ટ બનવાને બદલે

# વાવોલનું તળાવ બન્યું ''ગંદકીનું ઘર''..!!!

**તળાવ બન્યાંને સાતેક વર્ષ જેટલો સમય થવા છતાં એક પણ વાર ભરવામાં આવ્યું નથી : તળાવની પાળે વોકીંગ ટ્રેક અને સ્ટ્રીટલાઈટ સાથે બગીચો વિકસાવવાની વાતો ''હવા'' થઈ ગઈ : નબળુ બાંધકામ તુટવાં લાગતા તળાવની ''દુર્દશા'' તરફ ગતિ : દૂષિત પાણી અને કચરાને કારણે રોગવાહક જીવાણુઓનો ઉપદ્રવ વધ્યો**





ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરના ગુડા વિસ્તાર વાવોલમાં છેલ્લાં આશરે સાતેક વર્ષથી નવ નિર્માણ પામેલ તળાવ નર્મદાના પાણીથી છલોછલ થવાની રાહ જોવામાં અકાળે ''વૃદ્ધત્વ'' પામ્યું હોય તેવી દયનીય પરિસ્થિતિમાં પહોંચી જવા પામ્યું છે. તળાવના નવનિર્માણ સાથે ગામની પણ કાયાપલટ થશે અને ગ્રામ્ય વિસ્તાર તથા નવ વિકસિત સોસાયટી વિસ્તારને હરવા-ફરવા માટે એક પિકનિક પોઈન્ટ જેવુ સુંદર સ્થળ પ્રાપ્ત થશે જે વાવોલની સુંદરતામાં વધારો કરશે તેવો હરખ વાવોલના રહીશોના હૈયે સમાતો નહોતો પરંતુ તળાવના નવનિર્માણને આટલાં વર્ષના વ્હાણાં વીતી જવા છતાં હજુ એક પણ વાર તેને ભરવાનો પ્રયાસ નથી કરાયો પરંતુ તેમાં સતત વધતી જતી ગંદકી અહીંના નાગરિકોના સ્વાસ્થ્ય સામે ખતરારૂપ બની રહી છે અને નવનિર્મિત તળાવનું બાંધકામ તુટવાં પણ લાગ્યું છે જેથી વાવોલના રહીશોનો જીવ કકળી રહ્યો છે. તળાવનું તળિયાંનું બાંધકામ પણ શંકાસ્પદ જણાય છે કેમકે આ વર્ષે આટલો બધો વરસાદ થવા છતાં તળાવમાં પાણી ભરાયું નથી.

ગાંધીનગરના સેક્ટર-૧ તથા સરગાસણની જેમ વાવોલ ખાતે પણ ગુડા દ્વારા મહાકાળી માતાના મંદિર પાસેના તળાવનું નવનિર્માણ કરવામાં આવ્યુ હતુ. આ તળાવના નવનિર્માણ સાથે તળાવ કિનારે સે.૧ ના તળાવની જેમ જ બગીચો, વોકીંગ ટ્રેક તથા તેના પર સ્ટ્રીટલાઈટ સાથે તેને એક મિની પિકનિક પોઈન્ટ જેવુ વિકસાવાશે તેવી વાતો પણ સાંભળવા મળી હતી. આ પછી તળાવનું બાંધકામ પૂર્ણ થતાં નાગરીકોમાં આનંદની લાગણી પ્રસરી હતી અને હવે તો તળાવ ભરાશે, સરસ બગીચો બનશે'' તેવી આશા નાગરિકોને બંધાઈ હતી પરંતુ એ ''દિવસ'' હજુ સુધી આવ્યો નથી. ના તો તળાવની પાળે કોઈ બગીચો બન્યો, ના કોઈ વોકીંગ ટ્રેક તૈયાર થયો, ના સમખાવા પુરતી એકાદ સ્ટ્રીટલાઈટ નંખાઈ બલ્કે તળાવની દુર્દશા એવી થઈ કે આટલા ટૂંકા ગાળામાં તેનુ બાંધકામ તુટીને ખંડેર થવા લાગ્યું છે જે નબળા બાંધકામ સાથે ભ્રષ્ટાચારની શંકા પેદા કરી રહ્યું છે.

વળી, તળાવમાં આસપાસના રહેણાંક વિસ્તારનું ગંદુ પાણી જમા થઈ રહ્યું છે અને ખાલી પડી રહેલુ તળાવ ''ડસ્ટબીન''ની જેમ ઉપયોગ થતાં ''ગંદકીનું ઘર'' બની જવા પામ્યું છે. કચરા અને દૂષિત પાણીના ભરાવાને કારણે આ ગંદકીમાં રોગવાહક જીવાણુઓનો ઉપદ્રવ વધી રહ્યો છે જે આ વિસ્તારના નાગરિકોના સ્વાસ્થ્ય માટે ખતરારૂપ બની રહ્યો છે. તાજેતરમાં વાવોલમાં ફેલાયેલા ડેન્ગ્યુ સહિતના રોગચાળા માટે તળાવની ગંદકીએ મહત્વનો ભાગ ભજવ્યો હોવાનું રહીશો માની રહ્યાં છે. સત્વરે વાવોલના તળાવને ''ગંદકીનુ ઘર'' બનવાથી અટકાવી તેનું સમારકામ કરવા સાથે તેને સ્વચ્છ પાણીથી છલોછલ ભરવામાં આવે અને તળાવ કિનારે સ્ટ્રીટલાઈટ તથા બગીચાની સુવિધા વિકસાવાય તેવી વાવોલના રહીશોમાં ઉગ્ર માંગ પ્રવર્તી રહી છે. જો સત્વરે તંત્ર દ્વારા પગલાં નહી લેવાય તો વાવોલના નાગરિકો દ્વારા ''તળાવ બચાવો'' આંદોલન છેડવામાં આવશે તેવુ પણ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

# મૂર્ધન્ય સાહિત્યકાર મોહમ્મદ માકંડ ગૌરવ પુરસ્કારથી સન્માનિત

**મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ તેમના નિવાસસ્થાને જઈ ગૌરવ પુરસ્કાર પ્રદાન કર્યો**

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાતી સાહિત્યની મજબૂત ધરોહર અને મૂર્ધન્ય સાહિત્યકાર, કોલમિસ્ટ અને લેખક મોહમ્મદ માંકડને ગૌરવ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા છે. વયઅવસ્થાના કારણે મુખ્યમંત્રીએ તેમના નિવાસસ્થાને જઈ પુરસ્કાર અર્પણ કર્યો હતો. મોહમ્મદ માંકડના નિવાસસ્થાને બગીચામાં આ સમારંભ યોજાયો હતો.

આ અવસરે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતી સાહિત્યની ધરોહરને ભાવિ પેઢી સુધી સંવર્ધિત કરવા તેમજ વધુ વ્યાપ અને પ્રસારની હિમાયત કરી છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે ગુજરાતી સાહિત્યના ભવ્ય વારસામાંથી ભવિષ્યની પેઢી પણ પ્રેરણા લઈ આપણા આ મહામૂલા વારસાને સમજે-સાચવે, આત્મસાત કરે તેની આવશ્યકતા છે.

મુખ્યમંત્રી મૂર્ધન્ય સાહિત્યકાર મોહમ્મદ માંકડને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ૨૦૧૮ના વર્ષનો સાહિત્ય ગૌરવ પૂરસ્કાર અર્પણ કરવાના અવસરે તેઓ સંબોધન કરી રહ્યા હતા.

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા દર વર્ષે ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, સિંધી, ઊર્દૂ અને કચ્છી ભાષામાં મહત્વનું પ્રદાન કરનારા મૂર્ધન્ય સાહિત્યકારોને સાહિત્ય ગૌરવ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવે છે. તદ્દઅનુસાર ગુજરાતી સાહિત્યમાં ઉત્કૃષ્ટ પ્રદાન માટે વર્ષ ૨૦૧૮નો સાહિત્ય ગૌરવ પુરસ્કાર મૂર્ધન્ય અને જૈફ સાહિત્યકાર-લેખક મોહમ્મદ માંકડને એનાયત કરવામાં આવ્યો છે.

મુખ્યમંત્રીએ આ સાહિત્ય ગૌરવ પુરસ્કારની નવતર ગરિમા પ્રસ્થાપિત કરતાં ૯૦ વર્ષીય વડીલ મોહમ્મદ માંકડના ગાંધીનગર સ્થિત નિવાસસ્થાને સામે ચાલીને જઈને આ પુરસ્કાર તેમને સન્માન સહ અર્પણ કર્યો હતો.

આ નાનો છતાં ગૌરવશાળી સમારોહ મોહમ્મદ માંકડના સુપુત્ર નિવૃત્ત સનદી અધિકારી અનિષ માંકડના નિવાસસ્થાનના પ્રાંગણમાં યોજાયો હતો.

વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે મોહમ્મદ માંકડે ૭ દાયકાથી વધુ સમયથી સંસ્કારી અને ચિંતનાત્મક સાહિત્ય સર્જનથી ગુજરાતી સાહિત્ય-ભાષા જગતની ઉત્તમોત્તમ સેવા કરી છે.

તેમણે અવિરત અને એકધારુ યોગદાન આપીને પોતાની લેખની દ્વારા સમગ્ર ગુજરાતી સાહિત્યને ઉજાળ્યું છે એમ પણ વિજયભાઈ રૂપાણીએ ઉમેર્યુ હતું.




મુખ્યમંત્રીએ મોહમ્મદ માંકડના સુસ્વાસ્થ્ય અને દીર્ઘાયુની કામના કરતા જણાવ્યું કે, તેઓ હજુ વધુ સુંદર-ઉત્કૃષ્ટ સાહિત્ય આપણને આપે તથા નવી પેઢીમાં સાહિત્ય-સંસ્કારના સિંચનમાં અવિરત પ્રદાન કરતા રહે.

તેમણે રાજ્યના પાટનગર ગાંધીનગરમાં સાહિત્ય સંગીત અને અન્ય લલિત કળાઓના સંવર્ધન માટે એક ભવ્ય સાંસ્કૃતિક ભવનના નિર્માણની નેમ પણ દર્શાવી હતી.

આ અવસરે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પ્રો. વિષ્ણુભાઈ પંડયા, યુવક સેવા રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના અગ્ર સચિવ સી.વી. સોમ, લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્ય સર્જકો, લેખકો, અગ્રણીઓ આમંત્રિતો અને સાહિત્ય પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્યમાં બેરોજગારી ઓછી થઈ હોવાનો સરકારનો દાવો

ગાંધીનગર,તા.૨૯

દેશભરમાં બેરોજગારોના આંકડા ચિંતાજનક છે અને ચિંતાજનક રીતે તેમાં વધારો થઈ રહ્યો છે. બેરોજગારીના કારણે યુવાનો રોડ પર પ્રદર્શન કરી રહ્યા છે. તો ગુજરાત સરકારે રાજ્યમાં બેરોજગારી ઓછી થઈ હોવાનો દાવો કર્યો છે. ગુજરાત સરકારે દાવો કર્યો છે કે છેલ્લા પાંચ વર્ષમાં ૧.૨૦ લાખથી વધારે યુવાનોને સરકારે રોજગારી આપી છે. ગૃહ રાજ્યમંત્રી પ્રદીપ સિંહ જાડેજાએ જાહેરાત કરતા કહ્યું છે કે એક ડિસેમ્બર ૯૭૧૩ લોકરક્ષક જવાનોની પરિક્ષામાં પાસ થયેલા ઉમેદવારોને એપોઈનમેન્ટ લેટર આપવામાં આવશે.

રાજ્યના ગૃહમંત્રીએ કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું કે દેશના યુવાનોને કોંગ્રેસ ગેરમાર્ગે દોરી રહ્યું છે. રાજ્ય સરકાર યુવાનોને રોજગારી આપવામાં સૌથી આગળ છે. એટલા માટે કોંગ્રેસને પેટમાં દુખી રહ્યું છે. છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકારે જીપીએસસી, ગુજરાત ગૌણ સેવા બોર્ડ, ગુજરાત પંચાયત બોર્ડ સહિત ૨૬ સરકારી વિભાગો માટે પરિક્ષાનું આયોજન કરીને ૧,૨૦,૦૧૩ લોકોની ભરતી કરી છે. જેમાં ૨૦૧૪ માં ૨૦,૨૩૯, ૨૦૧૫ માં ૨૪,૪૨૦, ૨૦૧૬ માં ૧૦૬૦૪, ૨૦૧૭ માં ૪૭,૮૮૬, ૨૦૧૮ માં ૧૫,૩૨૯ અને આ વર્ષે ૧૫૩૫ ઉમેદવારોની ભરતી કરી છે.

# ગાંધીનગર - અમદાવાદ સહિત ગુજરાતમાં ઠંડી વધશે

**નલિયામાં તાપમાન ૧૧ ડિગ્રી થતાં તીવ્ર ઠંડી**

ગાંધીનગર,તા. ૨૯

ગુજરાતમાં હવે ધીમે ધીમે ઠંડીનું પ્રમાણ વધી રહ્યું છે. આજે નલિયામાં લઘુત્તમ તાપમાન ૧૧ ડિગ્રી સુધી રહ્યું હતું જ્યારે અમદાવાદમાં પણ લઘુત્તમ તાપમાન ૧૮.૮ ડિગ્રી રહ્યું હતું. ઠંડીમાં વધુ વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. આજે અમદાવાદ શહેરમાં સ્થિતિ આદર્શ રહી હતી. સવારમાં ઠંડીનો અનુભવ લોકોએ કર્યો હતો. પાટનગર ગાંધીનગરમાં પારો ૧૮.૬ ડિગ્રી રહ્યો હતો. અમદાવાદ સહિત રાજ્યમાં હવે સવારના ગાળામાં ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. આજે સવારે પણ ઠંડી નોંધાઈ હતી.

જો કે બપોરના ગાળામાં સુર્યપ્રકાશ રહેતા લોકો મિશ્ર સિઝનનો અનુભવ કરી રહ્યા છે. ખાસ કરીને અમદાવાદમાં તો સવારમાં લોકો ઠંડી અનુભવી રહ્યા છે. સવારમાં ઓફિસ જતા લોકો હવે ગરમ વસ્ત્રોમાં સજ્જ દેખાયા હતા. વહેલી સવારમાં અને મોડી રાત્રે ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. બપોરના ગાળામાં હજુ પણ લોકોને ઓછા પ્રમાણમાં ગરમીનો અનુભવ થઈ રહ્યો છે.

આમ હવે ધીરેધીરે ઠંડી પોતાની અસર દેખાડતી જઈ રહી છે. ત્યારે આગામી દિવસોમાં હજુ પણ ઠંડીનો પારો વધુ નીચે સરકે તેવી આગાહી પણ વ્યકત કરાઈ છે ત્યારે શિયાળાની ઠંડીપ્રેમી નાગરિકો ખુશીની લાગણી વ્યકત કરી રહ્યા છે. મોટાભાગના લોકો મોડી રાત્રે ગરમ વસ્ત્રોમાં પણ નજરે પડવા લાગી ગયા છે. તાપમાનમાં આગામી બે દિવસ દરમિયાન કોઈ મોટા ફેરફારની શક્યતા દેખાઈ રહી નથી પરંતુ ઠંડા પવનોના લીધે ફુલગુલાબી ઠંડીનો અનુભવ હવે લોકોને થઈ રહ્યો છ.

વહેલી સવારમાં લોકો ફિટનેસને જાળવવા માટે પણ વધુ સાવધાન બન્યા છે અને ટાઈમ ટેબલ બનાવી રહ્યા છે. ઠંડીની શરૂઆત થતા ફિટનેસ જાળવવા માટેનો આ સર્વશ્રેષ્ઠ ગાળો હોવાથી જરૂરી નિષ્ણાતોની મદદ લેવાઈ રહી છે. ફુલગુલાબી ઠંડીમાં વહેલી સવારમાં બાગ બગીચા હવે હાઉસફુલ નજરે પડી રહ્યા છે. ફિટનેસ મેળવવા માટે જીમમાં જતા લોકોની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# ચ-૭ પાસે લારી-ગલ્લાનો અડીંગો



ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરના મુખ્ય માર્ગો પર લારી-ગલ્લાના દબાણો વધી ગયા છે. દબાણે ગાંધીનગરને અજગરી ભરડો લીધો હોય તેમ લાગી રહ્યું છે. રાત્રે ન વધે તેટલા દબાણો દિવસે નવા ઉભા થાય છે. ત્યારે તંત્રના અધિકારીઓ દબાણ હટાવ ઝુંબેશ સમયાંતરે હાથ ધરે છે. પરંતુ તે દિવસે દબાણકર્તાઓ ગાયબ થઈ જાય છે. ત્યારે શહેરના ચ-૭ પાસે ચાની, નાસ્તાની લારી સહિતના દબાણો ઉભા થઈ ગયા છે. લારી-ગલ્લાના કારણે કેટલાક અસામાજીક તત્વો પણ બેસી રહેતા સ્થાનિક નાગરિકો ખુબ પરેશાન છે. ત્યારે તાત્કાલિક આ દબાણકારોને દૂર કરવામાં આવે તેવી લોકમાંગ પ્રબળ બની છે.

ગાંધીનગર શહેરના મુખ્ય માર્ગો તેમજ સેકટરના આંતરીક માર્ગો પર લારી-ગલ્લાના દબાણો ઉભા થયા છે. શહેરમાં દબાણકારોએ સરકારી જમીન પર લારી-ગલ્લા ખડકી દીધા છે. શહેરના નવા સેક્ટર અને ન્યુ ગાંધીનગરના સેકટરોમાં તો દબાણોનો પ્રશ્ન મુખ્ય છે. ત્યારે હવે દબાણકારોએ જુના સેક્ટર પર નજર ઠેરવી હોય તેમ લાગી રહ્યું છે. સેકટર-૨૯ ચ-૭ પાસે સરકારી જમીન પર ચા-નાસ્તાની લારી-ગલ્લા રાતોરાત ઉભા થઈ ગયા છે. રાત-દિવસ ધમધમતા લારી-ગલ્લાને પગલે સ્થાનિક વસાહતીઓને પારાવાર પરેશાની વેઠવાનો વારો આવ્યો છે. ત્યારે આ દબાણો અસામાજીક તત્વોનો અડ્ડો બની જાય તે પહેલા દૂર કરવામાં આવે તેવી સ્થાનિક નાગરીકોની લાગણી અને માંગણી છે.

# મોબાઈલ ટાવરોના ભાડાની આવક મેળવવાનો સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાને અધિકાર છે

**આ કર એ પંચાયતોનું સ્વભંડોળ છે અને તેની વસુલી માટે જરૂરી સ્પષ્ટતાઓ કરતા વિકાસ કમિશનર**

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત સરકારના પંચાયત વિભાગે પણ મોબાઈલ ટાવર પર કર વસુલવાની સત્તા ગ્રામ પંચાયતોને સોંપી દીધી છે.

સરકારનો આ નિર્ણય હાઈકોર્ટના ચુકાદા પછી આવ્યો છે. ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૨૦૦(૧)ના ખંડ(૧-ક)માં મોબાઈલ ટાવર પર કર લેવા અંગેની જોગવાઈ ૨૧-૮-૧૫ થી કરવામાં આવેલી છે. આ જોગવાઈને રાજ્યની વડી અદાલતમાં પડકારવામાં આવી હતી પરંતુ કોર્ટે જોગવાઈને કાયદેસરની ગણાવી છે અને તે પ્રમાણે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ મોબાઈલ ટાવર ઉપર કર લઈ શકે છે.

તાજેતરમાં સરકાર દ્વારા કરાયેલ નિર્ણય પછી વિકાસ કમિશનર દ્વારા જરૂરી સ્પષ્ટતાઓ સાથે આ બાબતે પુનઃ પત્ર પાઠવ્યો છે. વિકાસ કમિશનરે આ પત્રમાં ઉચ્ચક કર પંચાયતોને વસુલવાને બદલવાને બદલે ૧૯૬૪ના કર અને ફીના નિયમોના નિયત ફીમાં પંચાયત વિભાગના ૩૦-૧૧-૯૧ના જાહેરનામાથી ૫ ટકાનો અને જમીનો પરના કર જે નિશ્ચિય કર્યા છે તે પ્રમાણે વસુલવા જણાવ્યુ છે.

આ જોગવાઈઓની સ્પષ્ટતાઓ કરતા પત્રમાં મોબાઈલ ટાવર ઈન્સ્ટોલ કરવા સંબંધે અરજી મળ્યાની તારીખથી ૧ મહિનાની અંદર પંચાયત અધિનિયમ-૧૯૯૩ની જોગવાઈ મુજબ આપવાની રહેશે.

આ પત્રમાં જણાવ્યુ છે કે ટાવરના વાર્ષિક ભાડાની કિંમત ઉપર આધારિત કરના દર ન્યુનત્તમ વાર્ષિક ભાડાની કિંમતના ૫ ટકા અને અધિકતમ વાર્ષિક ભાડાની કિંમતના ૧૫ ટકા સુધી વસુલી શકાશે.

આ ઉપરાંત મૂડીરૂપી કિંમત ઉપર આધારિત કરના દર નિયત કરવાની પણ જોગવાઈ છે જેમાં ન્યુનત્તમ દર રૂ. ૧૦૦ અથવા તેના ભાગ માટે ૫૦ પૈસા અને અધિકત્તમ દરેક ૧૦૦ રૂ. અથવા તેના ભાગ માટે ૧૫૦ પૈસા લેખે વસુલી શકાશે.

વિકાસ કમિશનરે આ મુદ્દે તલાટીઓની માસિક મિટીંગમાં સમીક્ષા કરવા પણ તલાટીઓને સૂચના આપી છે. આ આવક એ પંચાયતોનું સ્વભંડોળ વધારનારી હોવાથી તેના પર ભાર મુકવામાં આવ્યો છે.

## શહેર વસાહત મંડળ દ્વારા ૩૯ શાળાના બાળકોને ગરમ કપડાંનું વિતરણ

શિયાળાની ઠંડીમાં શ્રમજીવી પરિવારોને રક્ષણ મળી શકે તે ઉદ્દેશ્યથી ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા દર વર્ષે ગરમ કપડાંનું વિતરણ કરવામાં આવે છે. આ વર્ષે અરવલ્લી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારો તથા ૩૯ શાળાઓમાં આશરે ૪૦૦૦ બાળકોને ગરમટોપી, પટ્ટા અને ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાના કાર્યમાં અરૂણ બુચ, શશીકાંત મોઢા, જનકભાઈ રાવલ, નિલેન્દુ વોરા તથા રેણુબેન ડોડીયાનો વિશિષ્ટ સહકાર રહ્યો હતો. મંડળ દ્વારા આગામી દિવસોમાં શહેરમાં વસવાટ કરતા શ્રમિકોને પણ ગરમ કપડાંનુ વિતરણ કરાશે તેમ મંડળના પ્રમુખ અરૂણ બુચ દ્વારા જણાવાયું છે.

## લિમ્બચ માતાજી ધામનો પાટોત્સવ યોજાશે

લિમ્બચ માતાજી ધામ ખાતે મંદિરનો ૧૯મો પાટોત્સવ તા. ૧ ડિસેમ્બરના રોજ યોજાશે. જે અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાનાર છે. પ્રેરણા પ્રગતિ મંડળ ગુજરાત નાયી વાળંદ સમાજ દ્વારા સે. ૧૩ સ્થિત લિમ્બચ માતાજી ધામનો ૧૯મો પાટોત્સવ તા. ૧ ડિસેમ્બરના રોજ મંદિર ખાતે યોજાશે. જે અંતર્ગત સવારે ૯ વાગ્યે ધ્વજારોહણ, ૧૦ વાગ્યે નવચંડી હવન, ૨ વાગ્યે સન્માન સમારોહ સાંજે ૪.૩૦ વાગ્યે શ્રીફળ હોમાશે. કાર્યક્રમમાં જયહિંદ રોડવેજ, મુંબઈના ડાયાભાઈ એન. વૈદ્ય ખાસ ઉપસ્થિત રહેશે. સંસ્થાના કાર્યકારી પ્રમુખ રમેશચંદ્ર એન. વાળંદ તથા મંત્રી પ્રવિણભાઈ કે. નાયી દ્વારા ઉપસ્થિત રહેવા જણાવાયુ છે.

## અમદાવાદમાં ગુણવત્તા નિયંત્રણ પર વર્કશોપ

પેટ્રોલ, ડીઝલ અને સી.એન.જી. ગેસ ડીસ્પેન્સર બાબતે ગ્રાહક સુરક્ષા વધુ સઘન બનાવવાના ઉદ્દેશથી કાનૂનીમાપ વિજ્ઞાન અને ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લીમીટેડના સંયુકત ઉપક્રમે તા.૨૭/૧૧/૨૦૧૯ના રોજ અમદાવાદ ખાતે 'ગુણવત્તા નિયંત્રણ' વિષય પર વર્કશોપ યોજાયો હતો. આ વર્કશોપમાં સીલીંગ પ્રક્રિયા, ઈ-કેલ લોગ્સ, કે-ફેકટરમાં ફેરફાર, તોલમાપના સીલ સાથે છેડછાડ, તોલમાપ પ્રમાણપત્રની ચકાસણી, મધર બોર્ડમાં એકસ્ટ્રા ફીટીંગ જેવા પેટ્રોલ-ડીઝલ પંપના ગુણવત્તા નિયંત્રણના વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી.

## રવિવારે ગાંધીનગરમાં ઘ - ૪ સર્કલના સામેના ભાગે નવેમ્બર માસની પુસ્તક પરબ યોજાશે

માતૃભાષા અભિયાનનાં ઉપક્રમે અને આત્મન ફાઉન્ડેશનનાં સહયોગથી ગાંધીનગરમાં દર મહિનાના પ્રથમ રવિવારે પુસ્તક પરબનું આયોજન કરવામાં આવે છે. નવેમ્બર માસની પુસ્તક પરબ આ રવિવાર તા.૧-૧૨-૨૦૧૯ નાં રોજ સવારે ૭.૩૦ થી ૯.૩૦ કલાક દરમ્યાન ઘ - ૪ સર્કલ પાસે (અગાઉ જયાં યોજાતી હતી એની સામેની બાજુ, ગાર્ડનના કોર્નર પર - છત્રી નીચે)ઉદ્યોગ ભવન સામે, ગાંધીનગર ખાતે યોજાશે. છેલ્લાં ૭ વર્ષથી આ પરબ પુસ્તક પરબ ટીમ દ્વારા યોજાય છે. ગાંધીનગરના અનેક પુસ્તકપ્રેમી, વાચકો, મહાનુભાવો, ઉચ્ચ અધિકારીઓ, લેખકો, તબીબો, વરિષ્ઠ નગરજનો, નોકરી - વ્યવસાય કરનાર ભાવકો, વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં આનો લાભ લે છે. પરબની મુલાકાતે આવનાર વ્યક્તિ બે પુસ્તક અને બે સામયિક વિના મૂલ્યે લઈ જઈ શકે છે. વાંચી લીધાં પછી પુસ્તકો આ પરબમાં પરત આપી શકાય છે. પુસ્તકો ભેટમાં સ્વીકારવામાં આવે છે. પુસ્તક પરબમાં એક મેળા જેવો માહોલ જામતો હોય છે. સહુ ભાવકો-વાચકોને પધારવા આત્મન - પુસ્તક પરબ ટીમ વતી નિમંત્રણ છે.

# નવોદિત કલાકારો માટે પ્રતિભા શોધ યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ હસ્તકની ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગર દ્વારા સને ૨૦૧૯-૨૦ માટે એકપાત્રિય અભિનય, નૃત્ય (શાસ્ત્રીય શૈલી), સુગમ/લોકસંગીત અને શાસ્ત્રીય સંગીત ગાયન કલાઓના નવોદિત કલાકારોની પ્રતિભાશોધનું આયોજન કરવામાં આવ્યુ છે. ગુજરાતના પાત્રતા ધરાવતા નવોદિત કલાકારો પાસેથી નિયત નમૂનામાં અરજીઓ મંગાવવામાં આવે છે. આ અરજી ફોર્મ કચેરીમાંથી ઉપલબ્ધ થઈ શકશે. તેમજ નિયત નમૂનામાં અરજી પત્રકો વેબસાઈટ (sangeetnatak.gujarat.gov.in) પરથી પણ ડાઉનલોડ કરી શકાશે. નિયત અરજીપત્રક સાથે પરફોર્મન્સની પેનડ્રાઈવ ટપાલ/રૂબરૂ અને કુરિયર દ્વારા તા. ૧૦-૧૨-૧૯ મંગળવાર સુધીમાં સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, બ્લોક નં. ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરની કચેરીને મોકલી આપવાના રહેશે.વધુ માહિતી માટે ૦૭૯-૨૩૨-૫૧૬૯૩/ ૫૪૫૫૨ પર સંપર્ક કરી શકાશે.

# એક કરોડથી વધુની ઉઘરાણી મામલે ગોળીબારથી ચકચાર

અમદાવાદ, તા.૨૯

અમદાવાદ શહેરના એસજી હાઈવે પર આવેલા સર માઉન્ટ ટાવર ના સાતમા માળે ખાનગી કંપનીની ઓફિસમા આજે બપોરે રિટાયર્ડ પીડબલ્યુડીના કર્મચારીએ રૂ. એક કરોડથી વધુની ઉઘરાણી મામલે વેપારીને ડરાવવા ફાયરીંગ કરતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. જો કે, આ ઘટનામાં કોઈને જાનહાની થઈ ન હતી. બીજીબાજુ, બનાવની જાણ થતાં સેટેલાઈટ પોલીસે ગણતરીના કલાકોમાં ફાયરીંગ કરનાર નિવૃત કર્મચારીની ધરપકડ કરી છે. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, એસજી હાઈવે પર આવેલા સર માઉન્ટ ટાવરમાં પ્લાસ્ટિકના ઉત્પાદન સાથે જોડાયેલી કંપનીના માલિક પ્રીતેશ શાહ બપોરે પોતાની ઓફિસમાં બેઠા હતા ત્યારે રૂપિયા એક કરોડથી વધુની ઉઘરાણી મામલે પીડબલ્યુડીમાંથી નિવૃત્ત થયેલા પ્રકાશ રાવલે તેમને ડરાવવા માટે ઓફિસમાં સાઈડમાં લાયસન્સવાળી ગનથી ફાયરીંગ કર્યું હતું. આરોપીએ ફાયરીંગ કરી વેપારીને ડરાવવાનો પ્રયાસ કર્યો હતો. બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. વેપારીએ બનાવ અંગે તાત્કાલિક પોલીસમાં જાણ કરતાં સેટેલાઈટ પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપીને ઝડપી લીધો હતો અને તેની પાસેથી ગુનામાં વપરાયેલી રિવોલ્વર પણ જપ્ત કરી હતી. પોલીસ દ્વારા હાલ પૈસાની ચોક્કસ રકમ કેટલી છે ક્યારે પૈસા આપવામાં આવ્યા હતા તેને લઈને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે અને આરોપી પ્રકાશ રાવલની ધરપકડ કરી લેતાં સ્થાનિક વેપારીઓમાં પણ આ બનાવને લઈ ભારે ચર્ચા ચાલી હતી.